## જન્મદિને વધામણી



હિતેન્દ્ર પુરોહિત
મો. ૯૯૨૪૪ ૧૧૯૦૮



કે ડી માજીરાણા



અંબિકાબેન ડી વાઘેલા



જીવણભાઈ લવજીભાઈ પરમાર





આંતરરાષ્ટ્રીય ફૂટબૉલ સંઘ દ્વારા ઑક્ટોબર-૨૦૧૭માં અન્ડર-૧૭ વિશ્વકપ યોજાવાનો સંકેત મળતાં પ્રધાનમંત્રીએ ‘મિશન ૧૧ મિલીયન’ના ધ્યેય સાથે સમગ્ર ભારતના ઓછામાં ઓછા ૧૧ મિલીયન છોકરા અને છોકરીઓને અખિલ ભારતીય પોલીસ રમતગમત નિયંત્રણ બૉર્ડની છત્રછાયામાં ફૂટબૉલની રમતની શરૂઆત કરાવી છે. સમગ્ર ભારતમાં ત્રણ ચરણમાં આ સ્પર્ધા યોજાનાર છે. પ્રથમ ચરણની સ્પર્ધા રાજ્યકક્ષાએ યોજવામાં આવશે, બીજા ચરણની સ્પર્ધા વિભાગીય કક્ષાએ અને ત્રીજા ચરણની સ્પર્ધા રાષ્ટ્રકક્ષાએ યોજાશે. છોકરાઓની ૮ અને છોકરીઓની ૮ ટીમો દરેક કક્ષામાં બે ભાગમાં સ્પર્ધા કરશે. આમ કુલ ૩૨ મેચો એટલે કે છોકરીઓની ૧૬ અને છોકરાઓની ૧૬ મૅચ રમાશે. નાયબ પોલીસ નિદેશક (સીસુબ)ના નેતૃત્વમાં રાજ્ય ફૂટબૉલ સંઘ અને રાજ્ય રમતગમત સત્તાના પ્રતિનિધિઓની બનેલી પસંદગી સમિતિના બીજા ચરણની સ્પર્ધા માટે છોકરા અને છોકરીઓ એમ બંને ટીમોમાંથી શ્રેષ્ઠ ખેલાડીઓને પસંદ કરી બે ટીમો બનાવવામાં આવી છે. સ્પર્ધાનું સમયપત્રક પહેલી મેથી ૮મી મે, ૨૦૧૭નું રહેશે. છોકરાઓની સ્પર્ધા ટૉરન્ટ સ્ટેડિયમ ખાતે અને છોકરીઓની સ્પર્ધા સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, ગાંધીનગર ખાતે યોજાશે. ગોવા ખાતે ૮મી જૂનથી ૨૫મી જૂન, ૨૦૧૭ સુધી યોજાનાર બીજા ચરણની વિભાગીય કક્ષાની સ્પર્ધામાં જતા પહેલાં પસંદ થયેલી ટીમોએ ૨૮મી મેથી ૬ઠ્ઠી જૂન સુધી અભ્યાસ તાલીમ લેવાની રહેશે.

### શિક્ષણમંત્રી સમક્ષ

# સેમેસ્ટર સિસ્ટમ અંગે ફેરવિચારણા માટે કૉલેજોની રજૂઆત

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં પહેલી વખત હાયર એજ્યુકેશન સાથે સંકળાયેલા ચાર મહત્વના મંડળો આચાર્ય મંડળ, અધ્યાપક મંડળ, સંચાલક મંડળ અને વહીવટી કર્મચારી મંડળની સંયુક્ત બેઠક ગાંધીનગર ખાતે મળી હતી. આ બેઠકમાં શિક્ષણમંત્રી, શિક્ષણ વિભાગના અધિકારીઓ ઊપસ્થિત રહ્યા હતા. ત્રણે મંડળો દ્વારા પોતાના પડતર પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં કોલેજોમાં ખાલી પડેલી જગ્યાઓ આગામી તા.૧૫મી જૂન સુધીમાં ભરાઈ જશે તેવી બાંયેધરી શિક્ષણમંત્રી દ્વારા આપવામાં આવી હતી. પહેલી વખત ત્રણ મંડળોના હોદેદારોએ શિક્ષણમંત્રી સમક્ષ પોતાના પ્રશ્નો રજૂ કર્યા બાદ મોટાભાગના પ્રશ્નો ઉકેલવાની ખાત્રી આપી દેવામાં આવી હતી. સૌથી મોટો પ્રશ્ન ચોઈસ બેઈઝ ક્રેડિટ સિસ્ટમના કારણે હાયર એજ્યુકેશનની કથળેલી સ્થિતિ સુધારવા માટે તાકીદે સેમેસ્ટર સિસ્ટમ દૂર કરીને વાર્ષિક પધ્ધતિ દાખલ કરવાનો હતો. આ માટે ચિંતન શિબિર યોજવાની માંગણી કરવામાં આવી હતી. સામાન્ય રીતે છેલ્લા કેટલાય વર્ષોથી આ બેઠકો બોલાવવાની માંગણી કરવામાં આવતી હતી. પરંતુ અચાનક સરકારે સામેથી બેઠક બોલાવવાની તૈયારી દર્શાવતાં તર્કવિતર્ક પણ ઊભા થયા છે.

સેમેસ્ટર સિસ્ટમ લાગુ પડ્યા બાદ છેલ્લા પાંચવર્ષથી શિક્ષણનું સ્તર સતત કથળતુ રહ્યુ છે. આજની સ્થિતિમાં કોલેજમાં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓને પુરતો સમય મળતો નથી. કોઈપણ વિષયમાં સીલેબસ પુરો થતો નથી. અધુરા સીલેબસે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી પડતી હોવાથી પરિણામો નબળા આવી રહ્યા છે. હાયર એજ્યુકેશનમાં સેમેસ્ટર સિસ્ટમના કારણે ઊભી થયેલી પરિસ્થિતિનો તાકીદે ઉકેલ લાવવામાં ન આવે તો ભવિષ્યમાં મોટી મુશ્કેલી ઊભી થાય તેમ હોવાથી તાકીદે સેમેસ્ટર સિસ્ટમ દૂર કરીને તેના સ્થાને વાર્ષિક પધ્ધતિની સિસ્ટમ લાગુ કરવી જોઈએ તેવી લાગણી આજની સંયુક્ત બેઠકમાં તમામ મંડળો દ્વારા વ્યકત કરવામાં આવી હતી. રાજયની ૩૮૪ કોલેજો સાથે જોડાયેલા આચાર્ય મંડળ, અધ્યાપક મંડળ, સંચાલક મંડળ અને વહીવટી કર્મચારી મંડળ દ્વારા દરેક મંડળોની સંયુક્ત બેઠક શિક્ષણ વિભાગ સાથે થાય તેવી માંગણી છેલ્લા કેટલાય વર્ષોથી કરવામાં આવી રહી હતી. શનિવારે શિક્ષણ વિભાગમાં આ ચારેય મંડળોની બેઠક મળી હતી. જેમાં સૌથી પહેલા સંચાલક મંડળ દ્વારા પોતાના પ્રશ્નો રજૂ કરાયા હતા. રાજયની જુદી જુદી કોલેજોમાં ખાલી પડેલી અધ્યાપકો અને પ્રિન્સિપાલની જગ્યાઓ તાકીદે ભરવાની માંગણી કરાઈ હતી. આ ઊપરાંત ૪૦ વર્ષથી અપાતી ગ્રાન્ટની નીતિમાં ફેરફાર કરવાની રજૂઆત કરવામાં આવી હતી. શિક્ષણમંત્રીએ ૧૫મી જૂન પહેલા ખાલી જગ્યાઓ ભરવાની બાંયેધરી આપી હતી. અધ્યાપક મંડળ દ્વારા બદલી થતાં અધ્યાપકોને રક્ષણ, એડહોકમાંથી ગ્રાન્ટેડ કોલેજમાં સમાવાયેલા તમામ અધ્યાપકોને પેન્શનની જોગવાઈની માંગણી કરાઈ હતી. આજ રીતે વહીવટી કર્મચારીઓ દ્વારા સાતમું પગારપંચ, ખાલી પડેલી જગ્યાઓ માટે એનઓસી આપવી વગેરેનો સમાવેશ થયો હતો.

### ડાયરેક્ટ ❤ સે

ખુશી માટે
ઘણું બધું
ભેગું કરવું પડે છે
એવી આપણી સમજ છે
પરંતુ હકીકતે
ખુશી માટે
ઘણું બધું
જતું કરવું પડે છે

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**
**- સંપાદક**

# ડભોડા ખાતે સેવાસેતુ કાર્યક્રમ સંપન્ન





તાલુકાના ડભોડા ગામે કન્યા શાળા ખાતે સૌનો સાથ સૌનો વિકાસ મંત્રને ચરિતાર્થ કરવા સેવાસેતુ તથા પ્રગતિસેતુ અંતર્ગત જુદા જુદા વિભાગની સેવાઓ ઉપલબ્ધ કરાવવા કાર્યક્રમ યોજાયો હતો. આ સેવાસેતુ કાર્યક્રમમાં ૧૦ ગામોના નાગરિકોએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. જેમાં મા અમૃતમ કાર્ડ, ડોમીસાઈલ પ્રમાણપત્ર, આધારકાર્ડ, રેશનકાર્ડ, જાતિ પ્રમાણપત્ર, આવકનો દાખલો, વૃદ્ધ પેન્શન યોજના, કુટુંબિક સહાય યોજના, ક્રિમીનીયલ પ્રમાણપત્ર, વૃદ્ધ નિરાધાર સહાય યોજના, હોમિયોપેથી સારવાર કેમ્પ, આરોગ્ય-ખેતી પશુ સારવાર કેમ્પ, પુરવઠા વિભાગ, મહેસુલ ખાતા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા અન્ય વિભાગની યોજનાકીય માહિતી અને સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા તાલુકાના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. આમ જનસેવા કેન્દ્રની અરજીઓ અંગે કામગીરી હાથ ધરાઈ હતી.



ફિનકૅર કંપની દ્વારા ગાંધીનગર જિલ્લાના ગુંદીયાની મુવાડી, હિંગરાજની મુવાડી તેમજ ડુમેચા ગામમાં ૫૦૦થી વધુ ગ્રામજનોને કંપનીના કર્મચારી તોરીત ડે તેમજ સુમન ખાનચંદાનીના માધ્યમથી ગામને સ્વચ્છ રાખવા તેમજ શૌચક્રિયા માટે શૌચાલયનો જ ઉપયોગ કરવા અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ઉપરાંત આ ગામોમાં ઉર્વિ પોરવાલ, રાકેશ પરમાર અને તેજસ જોષી દ્વારા શેરી નાટકના માધ્યમથી ગ્રામજનોને સુરક્ષિત બૅન્કિંગ, કૅશલેસ ટ્રાન્ઝેક્શન તેમજ સાક્ષરતા અંગેની વિશદ સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંત ભાગમાં મિહિર પટેલ દ્વારા ગામનાં બાળકોને શિક્ષણ માટે ઉપયોગી સામગ્રી, ટિફીન બૉક્સ અને સૅલ્ફ સૅનીટેશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.






ગુજરાત સ્થાપના દિનની પુર્વ સંધ્યાએ વિરમગામ ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતીમાં યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને સરકારના વિવિધ વિભાગોની યોજના અંગે માહીતી મળી રહે તે માટે સરકારી વિભાગો તથા ખાનગી કંપનીઓ દ્વારા સ્ટોલ બનાવીને પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શિલ્પા યાદવ ના માર્ગદર્શન મુજબ તૈયાર કરવામાં આવેલ આરોગ્ય વિભાગના બેટી બચાવો તથા આરોગ્ય વિષયક વિવિધ યોજનાની માહીતી આપતા બે સ્ટોલે લોકોમાં ખાસ્સુ આકર્ષણ જમાવ્યુ હતુ અને સૌથી વધુ લોકોએ આરોગ્ય વિભાગના સ્ટોલ પર જઈને માહીતી મેળવી હતી. વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસર ડો. વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, આરોગ્ય વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્ટોલમાં મુખ્યમંત્રી અમૃતમ યોજના, દિકરી યોજના, ચિરંજીવી યોજના, પ્રધાનમંત્રી સુરક્ષીત માતૃત્વ અભિયાન, શાળા આરોગ્ય કાર્યક્રમ, જનની સુરક્ષા યોજના, અટલ સ્નેહ યોજના, બેટી બચાવો અભિયાન સહિતની આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓ અંગે આરોગ્ય કર્મચારીઓ દ્વારા લોકોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત એસ.ટી બસ દ્વારા કાર્યક્રમના સ્થળ પર આવેલા તમામ લોકોને હિટ સ્ટ્રોકથી રક્ષણ માટેના અગત્યના ઉપાયો સમજાવતી પત્રિકા તથા ઓ.આર.એસ. પેકેટ આપવામાં આવ્યા હતા અને બસમાં જ આઈસ પેક સાથે વેક્સિન કેરીયરની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમના સ્થળે એમ્બ્યુલન્સોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ મુકેશ પટેલને ‘સ્પ્રિન્ગ ઈમ્પિરિઅલ ડેકોરેશન્સ’ એવોર્ડ

ગાંધીનગર, તા. ૩૦

જાપાન સરકાર દ્વારા વર્ષ-૨૦૧૭ના ‘સ્પ્રિન્ગ ઈમ્પિરિઅલ ડેકોરેશન્સ’ એવોર્ડની જાહેરાત કરવામાં આવી છે, જે અંતર્ગત ઈન્ડો-જાપાન ફ્રેન્ડશીપ એસોસિએશન, ગુજરાતના પ્રમુખ અને ગુજરાતના જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ મૂકેશભાઈ પટેલને આ એવોર્ડ મળ્યો છે. જાપાનનાં સમ્રાટ દ્વારા ‘ધ ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન, ગોલ્ડ રેઝ વિથ રોઝેટ’ એવોર્ડ-બેઝ એવા મહાનુભાવોને અર્પણ થાય છે, જેઓનું જાપાન અને ભારત વચ્ચે શૈક્ષણિક, બિઝનેસ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનમાં મહત્ત્વના યોગદાન અને મૈત્રીપૂર્ણ સંબંધોને જાળવવા માટે મહત્ત્વનું યોગદાન હોય છે. કોન્સ્યુલેટ જનરલ ઓફ જાપાન, મુંબઈની યાદી અનુસાર વર્ષ-૧૯૭૨માં ઈન્ડો-જાપાન સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામમાં ભાગ લઈને જાપાનથી પરત ફરીને મૂકેશ પટેલે વર્ષ-૧૯૭૫માં ઈન્ડો-જાપાન ફ્રેન્ડશીપ એસોસિએશનની સ્થાપના માનદ્ મંત્રી તરીકે કરી હતી. તેઓ આ સંસ્થાનાં પ્રમુખપદે વર્ષ-૨૦૦૫થી છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૧૧.૩૦, ૩.૦૦
૬.૨૫, ૯.૪૫

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૧૨.૩૦, ૩.૫૦
૭.૧૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
ફાસ્ટ ઍન્ડ ફ્યુરિયસ
(હિન્દી, ૩ડી)
૮.૦૦
બાહુબલિ-૨
૧.૩૦, ૫.૪૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૪**
નૂર
૪.૦૦
માતૃ
૧.૦૦

**સ્ક્રીન-૫**
બાહુબલિ-૨
૧૦.૦૦, ૨.૦૦
૫.૧૫, ૮.૩૦

# અમારા મોસાળે અમારાં જીવનનું જતન કર્યું છે

**સંવેદના**
**મારું માયાળુ મોસાળ**

ગાંધીનગર મારું વહાલું મોસાળ. સૅક્ટર-૧૬માં શોપીંગ સેન્ટરની સામે મારા જીવણદાદા-હીરાદાદીનું ઘર. મારા દાદા-દાદી તથા માસી-મામા ખૂબ જ માયાળુ અને લાગણીશીલ સ્વભાવના. તેમાંય હું માનીતી ભાણેજ. મારા દાદા-દાદી, મામા-માસી અને જૂના પાડોશીઓ અમને ખૂબ જ પ્રેમ આપતા. મારા દાદાના બાપુજી લવજીદાદા, તેમને પાનનો ગલ્લો. તેઓ અમને ટૂટીફૂટી, ધાણાદાળ અને મીઠો મસાલો આપતા.

મારાં માસીઓ અમને સેક્ટર-૧૬ તથા સેક્ટર-૨૮ના બગીચામાં, સરીતા ઉદ્યાન, ઈન્દ્રોડા પાર્ક અને ફનપાર્કમાં લઈ જતા. અમને રમકડાં અને અવનવી ભેટ-સોગાદો આપતાં. અમને જાતજાતની વાનગીઓ બનાવી ખવડાવતાં અને સેક્ટર-૧૭માં હેલીપેડ ઉપર જ્યારે હેલીકોપ્ટર ઉતરતું ત્યારે દોડતાં અમને જોવા લઈ જતાં. માસીના ભાણેજોના પ્રથમ જન્મદિવસ દાદાને ત્યાં જ ઉજવાતા. અમે તો વાર-તહેવાર પણ દાદાને ત્યાં જ કરતા.

મારા ભાઈ આશિષનો જન્મ પણ ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં થયો હતો, તેને શારીરિક તકલીફ થવાથી તેને અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં બે મહિના સુધી દાખલ કરવો પડ્યો હતો. ત્યારે આશિષનું દુખ કોઈનાથી જોવાતું નહીં. તબીબો પ્રયાસો કરી રહ્યા હતા. મારા માસીઓ તથા દાદી સવાર-સાંજ બે ટાઈમ ગાંધીનગરથી અમદાવાદ ટિફીન મોકલતા. વડીલોના આશીર્વાદથી આશિષને દીર્ઘાયુ મળી. મારા પપ્પાને બ્રેઈન હેમરેજ થઈ ગયું હતું ત્યારે મારા મામાએ મારા પપ્પાની ખડેપગે સેવા કરી હતી અને મામીએ સગા-વહાલાઓને સાચવ્યા હતા. આમ મારા દાદા-દાદી, મામા-માસીઓએ અમારાં જીવનનું જતન કર્યું છે, જે હું કદી વિસરી શકું એમ નથી.

મને હજુ પણ યાદ છે - મારા દાદાએ મારા જન્મના સવા મહિના પછી મારા માટે ફ્રોક લીધું હતું. એ ફ્રોક આજેય મારાં સ્મરણોમાં અકબંધ છે. મને પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે જે બર્થ-ડે કાર્ડ લખ્યું હતું તે અહીં વર્ણવું છું: ‘ચિ. ફોરમના પ્રથમ જન્મદિન પ્રસંગે અમારા હૃદયપૂર્વકના આશીર્વાદ છે કે પરમ કૃપાળુ પરમાત્માની તારા પર જીવનપર્યંત કૃપા રહે. અને તારી આજની આ નાની નાની પગલીઓથી દુનિયાને ખૂંદી વળવાની શરૂઆત કરીને તારા જીવનના સઘળા મનોરથો, કાર્યો સરળતાથી પૂર્ણ થાય અને તું તારા જીવનમાં સ્વર્ગનું સુખ પામે એ જ તારા આ પ્રથમ જન્મદિનની ઉજવણીના શુભદિનના પ્રસંગે તને અમારા શુભાશિષ......લિ. તારા દાદા-દાદી તથા મામા-માસીઓ.’

મારા વહાલા મોસાળને શત શત વંદન અને મારા દાદાના આ જન્મદિન નિમિત્તે એમને અમારા ચરણવંદન.

**- ફોરમ, આશિષ સ્મિત (દીપુ)**

## સ્વર્ગથી યે સોહામણું ગુજરાત છે

**● ભરત કવિ ‘ઊર્મિલ’**

ઉદયાચળના ગોખમાં સ્વર્ણિમ આ ગુજરાત છે;
રૂડું સ્વર્ગથી યે સોહામણું અનુપમ આ ગુજરાત છે.
સંતો-મહંતો-ભક્તોની સૌગાત આ ગુજરાત છે;
અણમોલ વલ્લભ-ગાંધીની મિરાત આ ગુજરાત છે.
આપા ગીગા, મેકરણ, ભોજલ, દેવીદાસ જલિયાણ શા,
જેણે દુ:ખ ફેડ્યાં અવરનાં, ઘસી જાત આ ગુજરાત છે.
નરસિંગ-સુદામા, દયાનંદ ને રાજચંદ્રની આ ધરા;
ફરકે ધજા રૂડી ધરમની, મહોલાત આ ગુજરાત છે.
દેવાધિદેવ મહાદેવ ને કૃષ્ણ જ્યાં બિરાજતા;
શ્રદ્ધા અને ભક્તિસભર, રળિયાત આ ગુજરાત છે.
આદિ મા અંબા-કાલિકે, ચામુંડ, બહુચર - ખોડલી,
મહા શક્તિયુંના બેસણા, સાક્ષાત આ ગુજરાત છે.
સાહિત્ય ને સંગીતની જ્યાં નોબતું હર પળ બજે;
એવા સાક્ષરો-સૂરસાધકોની, વિરાસત ગુજરાત છે.
વટ-વચન ને વીરતાભર્યા, જાંબાઝ શૂરા શોભતા;
એના પાળિયા પાદર રૂડા, ખમીરાત આ ગુજરાત છે.
જેની જોડ છે ના જગતમાં, એવા સાવજો ડણકું દિયે;
અવધૂત જોગંદર સમો, ગિરનાર હા ! ગુજરાત છે.
નદીયું રૂપાળી મધમીઠી છલકંતી જ્યાં ચોમેર છે;
તરૂવર-સમંદરથી ભરી, કાયનાત આ ગુજરાત છે.
સો સો સલામું દઈ તુંને, તારું ગાન-ગૌરવ ગાઈશું;
હર શ્વાસને ઉચ્છવાસમાં, તારું રટણ મા ; ગુજરાત છે.